# સજાતીય સંબંધ ગુનો છે : સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો



**જુલાઈ ૨૦૦૯માં અપાયેલા હાઈકોર્ટના ચુકાદાને ફગાવાયો : દિલ્હી હાઈકોર્ટે કલમ ૩૭૭ આઈપીસીમાં સજાતીય સંબંધોને અપરાધની કેટેગરીમાંથી દૂર કરી દીધો હતો : મોટી સંખ્યામાં સજાતીય સમુદાયને ફટકો**

નવી દિલ્હી,તા.૧૧

સુપ્રીમકોર્ટે આજે એક ઐતિહાસિક અને સીમાચિન્હરૂપી ચૂકાદો આપતા સજાતીય સંબંધોને અપરાધ તરીકે ગણવાનો ફેંસલો કર્યો હતો. સુપ્રીમ કોર્ટ પોતાના ચૂકાદામાં એમ પણ કહ્યુ હતુ કે જો કોઈ વ્યક્તિ સજાતીય સંબંધો બાંધે છે તો તે ગુના સમાન રહેશે અને આમા માટે કઠોર સજાની જોગવાઈ રહેશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના અગાઉના ચૂકાદાને ફગાવી દઈને આ દૂરદર્શી ચૂકાદો આપ્યો હતો. સુપ્રીમના ચૂકાદાની સાથે જ સજાતીય સંબંધોને અપરાધ તરીકે ગણાવતા આ પ્રકારના સંબંધો ધરાવતા મોટી સંખ્યાના લોકોને મોટો ફટકો પડ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દઈને સજાતીય સંબંધોને અપરાધ તરીકે ઠેરવતા ખળભળાટ મચી ગયો હતો. જુલાઈ ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે કલમ ૩૭૭ આઈપીસીમાં સજાતીય સંબંધોને અપરાધની કેટેગરીમાંથી દૂર કરી દેતાં તેને લઈને કાયદાકીય નિષ્ણાંતોમાં ચર્ચા શરૂ થઈ હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આજે ૨૦૦૯ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દીધો હતો. જસ્ટિસ જી એસ સિંઘવી અને એસ જે મુખોપાધ્યાયની બનેલી બેંચે ગયા વર્ષે ૨૭મી માર્ચના દિવસે આ મામલામાં તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જસ્ટિસ સિંઘવી આજે નિવૃત્ત થયા હતા. તેમની અવધીમાં આ અંતિમ મોટો ચુકાદો હતો. તેઓએ જસ્ટિસ મુખોપાધ્યાયની સાથે આ કેસ ઉપર સુનાવણી હાથ ધરી હતી પરંતુ ચુકાદો સંભળાવતી વેળા ચીફ જસ્ટીસ પી સદાશિવમ અને જસ્ટિસ રાજન ગોગોઈ સાથે બેઠ્યા હતા. એવી પરંપરા છે કે સુપ્રીમ કોર્ટમાં દરેક જજ પોતાની અવધિના અંતિમ દિવસે ચીફ જસ્ટીસની સાથે બેસે છે. ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે સજાતીય સંબંધોને અપરાધીક મર્યાદાની બહાર રાખીને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલામાં ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૨થી નિયમિત સુનાવણી ચલાવી હતી. ગયા વર્ષે ૨૭મી માર્ચના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. આ મામલાની સુનાવણી દરમિયાન કોર્ટે સજાતીય સંબંધોને અપરાધની અવધીથી મુક્ત કરવાના મામલે ઉદાસીન વલણ અપનાવ્યું હતું અને કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. કોર્ટે આ મામલા પર સંસદમાં ચર્ચા ન થવાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. સજાતીય સંબંધને લઈને ભારતીય સમાજમાં ઘણી બધુ દુવિધાઓ અને ગૂંચવણ છે. દિલ્હી હાઈકોર્ટે બીજી જુલાઈ ૨૦૦૯ના દિવસે આઈપીસીની કલમ ૩૭૭માં સજાતીય સેક્સ સંબંધોને અપરાધની મર્યાદામાંથી દૂર કરીને કહ્યું હતું કે કોઈ ગુપ્ત જગ્યાએ સહમતિથી સ્થાપિત સેક્સ સંબંધો અપરાધની શ્રેણીમાં આવતા નથી. કલમ ૩૭૭ (અકુદરતી અપરાધ) હેઠળ સજાતીય સેક્સ સંબંધો સજાપાત્ર ગુનો છે. આના માટે આજીવન કારાવાસ સુધીની સજા થઈ શકે છે. ભાજપના વરિષ્ઠ નેતા બીપી સિંઘલે આ ચુકાદાને પડકાર ફેંકીને સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી. તેમને કહ્યું હતું કે આ પ્રકારના કૃત્ય ગેરકાયદે, અનૈતિક અને ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધમાં છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ક્રિશ્ચન કાઉન્સીલ, અપોસ્ટલીક ચર્ચેજ અલાઈન્સે પણ આ ચુકાદાને પડકાર ફેંક્યો હતો. દિલ્હીમાં બાળ અધિકાર સરંક્ષણ પંચ, તામિલનાડુ મુસ્લિમ સમર્થન, યોગગુરુ બાબા રામદેવના સમર્થકોએ પણ આનો વિરોધ કર્યો હતો.




## સજાતીય સંબંધમાં પકડાશે તો આજીવન કારાવાસ થશે

**ઈચ્છાથી સજાતીય સંબંધ નહીં બનાવી શકાય : સજાતીય સંબંધના મામલે આજીવન કારાવાસ સુધીની સજાની જોગવાઈ ધરાવતી કલમ ૩૭૭માં ખામી જ નથી**

નવી દિલ્હી,તા. ૧૧

છેલ્લા ચાર વર્ષથી ભારતમાં પોતાની ઈચ્છાથી સજાતી સંબંધ બનાવવાની બાબત અપરાધરૂપ ન હતી પરંતુ હવે એવું થશે નહીં. જો કોઈ વ્યક્તિ સજાતીય સંબંધ સ્થાપિત કરતા પકડાઈ જશે તો તેને આજીવન સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે સજાતીય સંબંધોને આજીવન કારાવાસ સુધીની સજાવાળા અપરાધ તરીકે દર્શાવતી આઈપીસીની કલમ ૩૭૭માં કોઈ બંધારણીય ખામી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે સજાતીય સેક્સ સંબંધોના મામલામાં આજે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો



કારાવાસ સુધીની સજા થઈ શકે છે. લેસબિયન, ગે, બાઈસેક્યુઅલ અને ટ્રાન્સ જેંડર સમુદાયના લોકોને મોટો ફટકો પડ્યો છે. સજાતીય અધિકારો માટે કામ કરી રહેલા બિનસરકારી સંગઠન નાજ ફાઉન્ડેશને આજે કહ્યું હતું કે તે સુપ્રીમ કોર્ટના ચુકાદાની સમીક્ષા માટે રજૂઆત કરશે. આપ્યો હતો. કેન્દ્ર સરકારે એક વખતે કહ્યું હતું કે દેશમાં સજાતીય વિરોધી કાયદો બ્રિટિશ ઉપનિવેશવાદનું પરિણામ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંબંધમાં એકબાજુ સજાતીય સમુદાયના લોકોએ નારાજગી વ્યક્ત કરી છે. બીજી બાજુ મોટાભાગના સુપ્રીમના ચુકાદાનું સ્વાગત કર્યું છે.

## સોશિયલ મીડિયા પર યુઝરો દ્વારા નારાજગી

નવી દિલ્હી, તા.૧૧

સોશિયલ મીડિયા પર આ વિષયને લઈને આજે જોરદાર ચર્ચા રહી હતી. વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં સજાતીય અધિકારોને લઈને નવી ચર્ચા છેડાઈ ગઈ હતી. ઈન્ડિયન પિનલ કોડની કલમ ૩૭૭માં કુદરતના સ્વરૂપ સામે સેક્સને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આને સજાતીય સેક્સ તરીકેનું નામ વિશ્વના દેશોએ આપ્યુ છે. સોશિયલ મીડિયાના યુઝરોએ સુપ્રીમ કોર્ટના ચૂકાદા સામે પોતાની નારાજગી વ્યક્ત કરવા ટ્વિટરનો ઉપયોગ કર્યો છે. તસ્લિમાએ ખૂબજ આકરી પ્રતિક્રિયા આપી છે. આ ઉપરાંત ચેતન ભગત, વીરદાસ, કવિતા કૃષ્ણન, રાજદીપ સરદેસાઈ, અભિનેત્રી અનુષ્કા શર્માએ પણ આ મામલે પોતાની પ્રતિક્રિયાઓ આપી છે. પ્રતિક્રિયા આપનાર અન્ય ટોચના લોકો પણ કેટલાક એવા લોકો છે. અભિનેત્રી અનુષ્કા શર્માનું કહેવું છે કે સુપ્રીમના ચૂકાદાથી ખૂબજ નિરાશા હાથ લાગી છે. બીજી બાજુ કવિતા કૃષ્ણને કહ્યુ છે કે ૩૭૭ હેઠળ કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. સિદ્ધાર્થનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટે કેટલાક કઠોર નિયમો પોતાનીરીતે અમલી બનાવ્યા છે. જાણિતી લેખિકા તસ્લિમાએ કહ્યુ છે કે સુપ્રીમના ચુકાદાથી શરમજનક સ્થિતિ ઉભી થઈ છે. ભારતે પ્રેમ પર પ્રતિબંધ મુક્યો છે તેવો મત તસ્લિમાએ વ્યક્ત કર્યો છે. બીજી બાજુ ચેતન ભગતનું કહેવું છે કે અમે સજાતીય લોકો પાછળ પોલીસ મુકવા જઈ રહ્યા છીએ. ૨૧મી સદીમાં આ બાબત હોવી જોઈએ નહીં. અનુષ્કાનું કહેવું છે કે સ્વતંત્રતા આ ચૂકાદાથી ભ્રમ જેવી બાબત દેખાઈ રહી છે. ટીવી એન્કર દિપ્તી સચદેવનું કહેવું છે કે અમે કઈ સદીમાં જીવીએ છીએ જ્યાં લગ્નમાં રેપ લીગલ છે પરંતુ ગેરકાયદે છે. બરખા દત્તનું કહેવું છે કે હવે એવો સમય આવ્યો છે કે જ્યાં યોગ્ય વલણ અપનાવવું પડશે. છુપાવા માટેની જગ્યા મળશે નહીં. કલમ ૩૭૭ ઉપર વલણ શું છે. અભિનેત્રી શ્રુતિ હસનનું કહેવું છે કે કલમ ૩૭૭ ભયભિત કરી દેનારી છે. કોઈ વ્યક્તિ કોને પ્રેમ કરશે અને કઈ રીતે પ્રેમ કરશે તે અંગે બીજી વ્યક્તિ કઈ રીતે નિર્ણય લઈ શકે છે. હકીકતમાં પસંદગીની સ્વતંત્રતા હવે ગેરકાયદે થઈ છે.

**અનુષ્કા શર્મા - શ્રુતિ હસન પણ નાખુશ દેખાઈ**

## સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ઘણા નેતા પણ નાખુશ

નવી દિલ્હી,તા.૧૧

સજાતીય સંબંધોને અપરાધ તરીકે ગણવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ઘણા નેતાઓ પણ ખૂશ દેખાઈ રહ્યા નથી. સુપીરમ કોર્ટ અંતિમ નિર્ણય સંસદ કરશે તેમ કહીને આ મામલો કેન્દ્ર સરકાર પર છોડી દીધો છે. આઈપીસીની કલમ ૩૭૭ને દૂર કરવા માટે સંસદ પાસે સત્તા રહેલી છે. એક બાજુ ચૂકાદાથી સજાતીય સમુદાય નાખુશ છે ત્યારે બીજી બાજુ કોંગ્રેસ સહિતના નેતાઓ પણ યોગ્ય પગલા લેવાની માગ કરી રહ્યા છે. આનાથી સરકાર પર દબાણ વધી ગયુ છે. કેન્દ્રિય પ્રધાન કપિલ સિબ્બલે આ ચૂકાદાનું સ્વાગત કર્યુ છે અને કહ્યુ છે કે સુપ્રીમ કોર્ટે પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કર્યો છે. સંસદ આ મામલા પર પોતાની હદમાં કામ કરશે. જેડીયુના નેતા શિવાનંદ તિવારી સુપ્રીમ કોર્ટના નિર્ણયથી નાખુશ દેખાયા હતા. સુપ્રીમ કોર્ટે આ ચૂકાદા પર ફેરવિચારણા કરવી જોઈએ. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના વડાનું કહેવું છે કે અમે સરકાર પર દબાણ લાવીશું. સરકારે સંકેત આપ્યો હતો કે તે આ મુદ્દા પર વૈધાનિક રસ્તા પર આગળ વધશે.

## તરૂણ તેજપાલને ૧૨ દિવસના જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાયા

**૧૦ દિનની પોલીસ કસ્ટડીની અવધિ પરિપૂર્ણ થયા બાદ કોર્ટમાં રજુ કરાતા જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ**

પણજી,તા. ૧૧

ગોવાની કોર્ટે જુનિયર મહિલા સાથે પર બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા તહેલકા મેગેઝિનના સ્થાપક એડિટર તરૂણ તેજપાલને આજે ૧૨ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો આદેશ કર્યો હતો. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) કે જોશીએ ૧૨ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડી મંજુર કરી હતી. આજે તેજપાલની ૧૦ દિવસની પોલીસ કસ્ટડીની અવધિ પૂરી થઈ હતી. નવેમ્બરની શરૂઆતમાં એક હોટલમાં જુનિયર મહિલા સાથી પર જાતિય શોષણના મામલામાં તેજપાલ આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. ૩૦મી નવેમ્બરના દિવસે ગોવા પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેજપાલ હાલમાં પણજી પોલીસ લોકઅપમાં છે. તેમને હવે વાસ્કો ખાતેની સદા સબજેલમાં જેલમાં લઈ જવામાં આવશે. તહેલકા મેગેઝિનના પૂર્વ મેનેજિંગ એડિટર સોમા ચૌધરીની આઠમી ડિસેમ્બરના દિવસે ગોવા ક્રાઈમ બ્રાંચ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. બળાત્કાર કેસના સંબંધમાં તરૂણ તેજપાલની મુશ્કેલી વધેલી છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ મહિલા પત્રકારનું નિવેદન પણ નોંધવામાં આવી ચુક્યુ છે.

## લોકસભાની ચૂંટણી લડવાનો આમ આદમી પાર્ટીનો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૧

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી હવે લોકસભાની ચૂંટણીમાં પણ મેદાનમાં ઉતરવાની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની ચૂંટણી લડવાનો નિર્ણય આમ આદમી પાર્ટી દ્વારા કરી લેવામાં આવ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે આના માટેની રૂપરેખા તૈયાર કરવાની હિલચાલ આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. વ્યૂહરચના ઉપર પણ કામ શરૂ થઈ ગયું છે. વિશ્વસનીય સૂત્રોનું કહેવું છે કે દિલ્હીમાં શાનદાર દેખાવ પછી પાર્ટીનો આત્મ વિશ્વાસ વધી ગયો છે. તમામ ૫૪૩ બેઠકો ઉપર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે નહીં પરંતુ એવા સંકેત છે કે યોગ્ય સંખ્યામાં ચૂંટણી લડવામાં આવશે.

## લોકસભામાં મહિલા અનામત બિલ પસાર કરવા તીવ્ર દબાણ

**વડાપ્રધાનને મહિલા કાર્યકરોની રજૂઆત : રાજ્યસભામાં બિલ પસાર થયાને ૩ વર્ષ પૂર્ણ છતાં બિલ લોકસભામાં રજૂ થઈ શક્યું નથી: ઘણા પક્ષોનો ઉગ્ર વિરોધ**

નવી દિલ્હી,તા.૧૧

હાલમાં ચાલી રહેલા સંસદના શિયાળુ સત્રમાં જ જટિલ મહિલા અનામત બિલને પસાર કરવા કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર ઉપર મહિલાઓએ દબાણ વધારી દીધું છે. છેલ્લા ઘણા વર્ષોથી મહિલા અનામત બિલને લઈને કોઈ પ્રગતિ થઈ શકી નથી. હવે મહિલા કાર્યકરો મેદાનમાં ઉતરી ગઈ છે અને યુપીએ ઉપર દબાણ વધારી દીધું છે. હાલમાં જ શિયાળુ સત્રમાં આને પસાર કરવા દબાણ વધારવામાં આવ્યું છે. મળેલી માહિતી મુજબ એનએફ આઈડબલ્યુ, એઆઈડીડબલ્યુએ, એઆઈડીએમએએમ, જેડબલ્યુપી, વાયડબલ્યુસીએ સહિતની રાષ્ટ્રીય મહિલા સંસ્થાઓના પ્રતિનિધીઓ વડાપ્રધાન મનમહનસિંહને મળ્યા હતા અને મહિલા અનામત બિલને પસાર કરી લેવા રજૂઆત કરી હતી. સંસદીય પ્રક્રિયાને તોડી પાડવા કોઈપણ રાજકીય પક્ષને મંજૂરી નહીં આપવા મહિલા સંગઠનોએ વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી હતી. મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ ધરાવતા આ બિલને પસાર કરવાની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રતિનિધી મંડળે સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ સાથે પણ વાતચીત કરવાની તૈયારી કરી છે અને બિલના પસાર આડે કોઈ અડચણો ઊભી ન કરવા તેમને મનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. વર્ષ ૨૦૧૦માં રાજ્યસભામાં મહિલા અનામત બિલ પસાર કરવામાં આવ્યું હતું પરંતુ આ બિલ સમાજવાદી પાર્ટી અને આરજેડી જેવી પાર્ટીઓ દ્વારા જોરદાર વિરોધના કારણે લોકસભામાં રજૂ કરી શકાયું નથી. એઆઈડીડબલ્યુએના ઉપપ્રમુખ સુધા સુંદરમણને કહ્યું હતું કે મહિલા અનામત બિલને પસાર કરવામાં આવે તે જરૂરી છે.

## સમાચાર ઝલક

- સમલૈંગિક સંબંધો ગેરકાયદેસર : સુપ્રીમ કોર્ટનો નિર્મય.
- જામનગરમાં ડામર ચોરતાં ૩ વાહનો ઝડપાયા.
- મંગળ પર ૨૦૨૫ સુધી વસવાટ કરવા વૈજ્ઞાનિકોની તૈયારી.
- ઓસ્ટ્રેલિયામાં સમડીઓનાં ત્રાસથી હેલિકોપ્ટરનું ઉડ્ડયન કરાય છે.
- ઠંડીમાં ઠુઠવાતા અમેરિકાના કેટલાક રાજ્યો.
- અણ્ણા હજારેના શરીરના વજનમાં ઘટાડો અનશન છોડવા વિનંતી.
- લખનૌનાં નોકરી આપવાની ૧૦૦ કરોડની ઠગાઇ કરનાર ઝડપાયો.
- સુરતમાં ટ્રાફિક પોલીસની હેરાનગતિ રીક્ષાવાળો આંદોલન કરવામાં મુડમાં.
- ફર્ટિલાઇઝર કંપનીઓને રાહત આપવામાં આવશે.
- એન્ટાર્કટિકા એક સ્થળ દુનિયાનું સૌથી ઠડું સ્થળ.
- રાજસ્થાનમાં ભયાનક અકસ્માતમાં ૧૧નાં મોત.
- વેપાર ખાદમાં ઘટાડો રૂપિયો તૂટતાં શેરબજાર તૂટ્યું.
- પંચમહાલ જિલ્લામાં ગોઝારો અકસ્માત ૧૦ થી વ્યક્તિ મોતની આશંકા.
- ખેડા જિલ્લામાં ખેલ મહાકુંભમાં અધિકારીઓએ કોમનવેલ્થવાળી કરી.
- મોરબીમાં સિરામીક ઉદ્યોગની હડતાળ ૧૪મા દિવસે યથાવત.
- ગઇ કાલે હતો તા.૧૧-૧૨-૧૩નો અનોખો સંયોગ.

## શિક્ષણ દૃષ્ટિ (૪થા પાનાનું ચાલું...)

૮. ***વૃદ્ધસેવયા વિજ્ઞાનમ્*** ।- વૃદ્ધોની સેવાથી દિવ્ય જ્ઞાન મળે છે.

૯. ***અન્નં ન નિન્દ્યાત્ । તદ્ વ્રતમ્ । પ્રાણો વા અન્નમ્ ।***
અન્નં નિંદા ન કરો. એ બ્રહ્મયજ્ઞનું વ્રત છે. પ્રાણ જ અન્ન છે.

૧૦. ***ભૂત્યૈ ન પ્રમદિતવ્યમ્*** ।- સંપત્તિનો દુરૂપયોગ ન કરવો જોઈએ.

૧૧. ***તેન ત્યક્તેન ભૂંજીયાઃ*** ।- ત્યાગીને ભોગવ.

૧૨. ***મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્*** । - પારકા ધનનો લોભ ન કરવો.

૧૩. ***સર્વસ્વ ભૂષણં ધર્મઃ*** ।- બધાનું ભૂષણ ધર્મ છે.

૧૪. ***સુખસ્ય મૂલં ધર્મઃ*** ।- સુખનું મૂળ ધર્મ છે.

શિક્ષણ દ્વારા સમાજાભિમુખતા અને દેશોત્માબોધયુક્ત બુદ્ધિનું નિર્માણ થવું જોઈએ.

શિક્ષણ દ્વારા કેટલાક પાયાના ગુણોનો આવિષ્કાર થવો જોઈએ -

(૧) શક્તિ ઉપાસના
(૨) શ્રમની મહત્તા
(૩) સંયમની સાધના
(૪) સંસ્કારોની આરાધના

જીવનની પ્રત્યેક ક્ષણને શિષ્ટ બનાવે તેનું નામ શિક્ષણ. દેશની માટી અને દેશનાં પૂર્વજોની સાથે જોડે તેનું નામ શિક્ષણ.

શિક્ષણનું લક્ષ્ય એક આસ્થામય, શુદ્ધ અભંજનીય અને પવિત્ર જીવનનો સાક્ષાત્કાર કરવાનું છે.

## અંતે નારાયણ સાંઈએ આક્ષેપો સ્વીકાર્યા

**આઠ જેટલી સાધિકાઓ સાથે સંબંધો હતા : નારાયણ સાંઈને વધુ પોલીસ કસ્ટડીમાં લેવા કોર્ટમાં રજુ કરાયો : છેલ્લા ઘણા દિવસથી પૂછપરછનો દોર યથાવત**

સૂરત, તા.૧૧

વિવાદાસ્પદ અને જાતે બની બેઠેલા ગોડમેન આસારામના પુત્ર નારાયણ સાંઈની એક પછી એક ચોંકાવનારી વિગતો સપાટી પર આવી રહી છે. નારાયણ સાંઈએ કેટલીક એવી ચોંકાવનારી કબૂલાત કરી છે જે પહેલી વખત આવી છે. નારાયણ સાંઈએ કહ્યુ છે કે તે અનેક સાધિકાઓ સાથે સંબંધો ધરાવે છે. સૂરત પોલીસ છેલ્લા છ-સાત દિવસથી નારાયણ સાંઈની આકરી પૂછપરછ કરી રહી છે. નારાયણ સાંઈની પત્ની જાનકી, ભોગ બનેલી મહિલા અને અન્યોને સામસામે બેસાડીને પૂછપરછ કરવામાં આવી છે. પોલીસે આજે દાવો કર્યો હતો કે નારાયણ સાંઈએ મહિલા દ્વારા તેની સામે કરવામાં આવેલા આક્ષેપો પૈકીના કેટલાક આક્ષેપો સ્વીકારી લીધા છે. આકરી પૂછપરછ દરમિયાન સાંઈએ સૂરત સ્થિત બે બહેનો પૈકીની એક દ્વારા કરવામાં આવેલા તેની સામેના આક્ષેપોને સ્વીકારી લીધા હતા. સૂરતના પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે નારાયણ સાંઈએ એવી કબૂલાત કરી હતી કે તેની મહિલા સાધિકાઓ પૈકી આઠ સાથે શારીરિક સંબંધો હતા. અસ્થાનાએ એમ પણ કહ્યુ છે કે એવું પણ જાણવા મળ્યુ કે તેની સેવિકાઓ પૈકીની એક સાથે તેના સંબંધોના કારણે બાળકનો જન્મ થયો હતો. સાંઈની ફરિયાદીની સાથે પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી ચુકી છે. ૫૮ દિવસ સુધી ધરપકડ કઈ રીતે ટાળી અને ફરાર થવામાં તેની મદદ કરનાર કોણ હતા તે સંદર્ભમાં તેની પૂછપરછ થઈ રહી છે. સાંઈને સ્થાનિક કોર્ટ દ્વારા પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. અસ્થાનાનું કહેવું છે કે સાંઈના રિમાન્ડ આજે પૂર્ણ થઈ ગયા બાદ વધુ પોલીસ કસ્ટડીની માંગ કરવામાં આવી હતી. મોડેથી તેને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. દિલ્હી-હરિયાણા સરહદ પર દિલ્હી પોલીસ દ્વારા તેની ધરપકડ કરાયા બાદ ચોથી ડિસેમ્બરે તેને સૂરત લવાયો હતો.

